# ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા ગુજકેટ અને નીટની પરીક્ષા અંગે માર્ગદર્શન અપાયું

## ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, ૨૫ને સ્કોલરશિપ અપાઈ

। વલસાડ,-ધરમપુર ।

ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર મિશન દ્વારા ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજકેટ અને એન.ઈ.ઈ.ટી.ની પરીક્ષામાં સચોટ માર્ગદર્શન મળી રહે તેવા શુભ આશય સાથે ઉદ્યમ નામનું શૈક્ષણિક અભિયાન હાથ ધરાયું હતું. જેમાં ૯૦૦ વિદ્યાર્થીઓએ તબક્કાવાર રીતે ભાગ લીધો હતો. અભિયાન હેઠળ રખાયેલી મૉક ટેસ્ટમાં ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૨૫ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

શ્રીમદ્ રાજચંદ્ર મિશનના પૂ. ગુરૂદેવ રાકેશભાઈની પ્રેરણાથી શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ દ્વારા ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટેના ઉદ્યમ અભિયાન અંતર્ગત ત્રણ તબક્કામાં આયોજીત અભિયાન દરમિયાન વલસાડ, ધરમપુર, કપરાડા, વાંસદા, ખેરગામ અને ચીખલીની ૩૦થી વધુ શાળાઓના ૯૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અભિયાનના બીજા ચરણમાં આયોજીત મૉક ટેસ્ટમાં ભાગ લેનારા ૩૦૦ વિદ્યાર્થીઓના જાહેર થયેલા પરિણામોમાં ૨૫ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. જે તમામ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપીને સન્માનિત કરાયા હતાં. અભિયાનના ત્રીજા ચરણમાં, વિદ્યાર્થીઓને ધો.૧૨ બાદ તેમની કારકિર્દી બાબતે માહિતી આપવામાં આવી હતી.




નવસારી કૃષિ યુનિવર્સિટીના ડાયરેક્ટર ડૉ. સી.કે. ટીમ્બડીયા અને કપરાડાની આનંદ નિકેતન એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલના આચાર્ય વસંત પાઠકે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠના આ પ્રયાસોને બિરદાવીને સંસ્થાનો જાહેર આભાર માન્યો હતો.

વાપી નગરપાલિ
જાહેર નિ
વાપી નગરપાલિકાના વિવિધ બિનઉપયોગી મ
માલસામાનની જાહેર હરાજીના કામે જરૂરી માહિતી
વેલ્યુ ટેન્ડરમાં દર્શાવેલ છે.
કોરા ટેન્ડર આપવાની આખરી તારીખ : ૨૯-
ભરેલા ભાવપત્રક રજી.પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી
સમય સાંજે ૫-૦૦ સુધી નગરપાલિકા વાપીમાં મ
ભાવપત્રક મંજુર કરવા કે નામંજુર કરવાનો હક
કોઈપણ કારણો આપવામાં આવશે નહી.
સહી/- શ્રી દર્પણ ડી.
ચીફ ઓફિસર
વાપી નગરપાલિક
નં. માહિતી/વલસાડ/૩૫૭/૨૦૨૧

ગુજરાત ઔધોગિક